ક્રમાંક/મઉમશબ/સંશોધન/૭૬૦/૮૦૫૧
ગુજરાત માધ્યમિક અને
ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ,
સેકટર-૧૦ બી, સચિવાલય પાસે,
ગાંધીનગર, તા.

**પ્રતિ,**
નાયબ કમિશ્નરશ્રી,
માહિતી કમિશ્નરની કચેરી,
ડૉ. જીવરાજ મહેતા ભવન,
ગાંધીનગર.

**વિષયઃ-** વિદ્યાર્થીઓના હિતમાં વિના મૂલ્યે પ્રેસનોટ પ્રસિધ્ધ કરવા અંગે...

**માનનીય સાહેબશ્રી,**

આ સાથે ગુણોત્સવ અંગેની પ્રેસનોટ સામેલ છે. આપના દ્વારા રાજયના અગત્યના વર્તમાનપત્રોમાં વિના મૂલ્યે પ્રસિધ્ધ કરાવવા વિનંતી.

**(એમ.આઇ.જોષી)**
સચિવ,
ગુજરાત માધ્યમિક અને
ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ,
ગાંધીનગર.

D:\BKP-1.doc

# માધ્યમિક શાળાઓમાં ગુણોત્સવ યોજવા બાબત....

માધ્યમિક શાળાઓના ધોરણ-૯ માં ભણતાં વિદ્યાર્થીઓ અને શાળાઓના સ્વમૂલ્યાંકન દ્વારા આગામી તા.૧૩-૧૪ ફેબ્રુઆરી ૨૦૧૪ માં શાળાઓમાં ગુણોત્સવ કાર્યક્રમ યોજવામાં આવશે.

માનનીય મુખ્યમંત્રીશ્રીની રાહબરી હેઠળ માનનીય શિક્ષણ મંત્રીશ્રીના માર્ગદર્શન મુજબ માધ્યમિક શિક્ષણ ક્ષેત્રે સમગ્ર દેશમાં પ્રથમવાર ગુણોત્સવ કાર્યક્રમ હાથ ધરવામાં આવનાર છે.

જેમાં મુખ્ય પાંચ વિષયો ગુજરાતી, ગણિત, સામાજિક વિજ્ઞાન, વિજ્ઞાન અને ટેકનોલોજી તેમજ અંગ્રેજી વિષયનું મૂલ્યાંકન વિદ્યાર્થીઓનું મૂલ્યાંકન કરવામાં આવશે.સાથો સાથ શાળાની માહિતી, આચાર્ય અને શિક્ષકોની માહિતી પણ એકઠી કરવામાં આવશે. આ માટે દરેક શાળાઓના પ્રશ્નપત્રો અને શાળા સ્વમૂલ્યાંકન પુસ્તિકા આપવામાં આવશે. વિદ્યાર્થીઓએ બહુ વિકલ્પ પ્રકારના લખેલ જવાબોનું સાચુ મૂલ્યાંકન on Line થશે અને તેને આધારે શાળાના ધોરણ-૯ ના તમામ વિદ્યાર્થીઓએ મેળવેલ ગુણની આંકડાકીય અને શાળાકિય માહિતીની ડેટા એન્ટ્રી શાળાએ પોતે કરવાની રહેશે. આ માટે શાળાના આચાર્યશ્રીને જરૂરી યુઝર આઇડી અને પાસવર્ડ બોર્ડ દ્વારા આપવામાં આવશે.

શિક્ષણ વિભાગ અને ગુજરાત માધ્યમિક શિક્ષણ બોર્ડ દ્વારા આ કાર્યક્રમનું આયોજન કરવામાં આવેલું છે જેને આધારે જરૂરી પૃથ્થકરણ કરી બાળકોના અધ્યયન સ્તરનું મૂલ્યાંકન કરવામાં આવશે અને તે અન્વયે માધ્યમિક કક્ષાએ શિક્ષણ ગુણવત્તા સુધારવાના આગામી કાર્યક્રમોની રૂપરેખા તૈયાર કરવામાં આવશે.